# નિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે ઊર્જા મહારેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

આ વર્ષે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)નાં સહયોગથી ગાંધીનગર જિલ્લાની બાલ ઊર્જા રક્ષક દળની શાળાઓ માટે એક ઊર્જા મહારેલી-૨૦૧૦નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહારેલીમાં મુખ્ય મહેમાન તરીકે અશોકભાઈ ભાવસાર, ચેરમેન ગુડા ઉપસ્થિત રહ્યા હતા. અશોકભાઈએ તેમના પ્રવચનમાં ઊર્જા બચત માટે વિદ્યાર્થીઓ શું કરી શકે તેની માહિતી આપી. વિદ્યાર્થીઓ કઈ રીતે ઊર્જા બચત કરી સમાજમાં સભાનતા કેળવી સકે તેની સમજ આપી હતી. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા), ગાંધીનગરના ડાયરેક્ટર વાગ્મીન બૂચ પણ આ રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ ઘરમાં કઈ રીતે ઊર્જા બચાવી શકે તેના વિવિધ પ્રયોગો સમજાવ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરના લોકલાડીલા ધારાસભ્ય શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યાં



હતા. તેમણે ગાંધીનગર સોલાર સીટી બની રહ્યું છે તેના વિશે માહિતી આપી હતી. તેમજ સોલાર સીટી બનાવવા માટેના સરકારનાં પ્રયાસો વિશે વિગતવાર સમજણ આપી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટરનાં મેનેજીંગ ટ્રસ્ટી અનીલભાઈ પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દીક તેમજ ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાની બાલ ઊર્જા રક્ષક દળ સાથે જોડાયેલી ૫૦ માધ્યમિક શાળાઓનાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓ રેલીમાં કેપ, બેન્ડ, બીલ્લા, બેનર વગેરે લઈ સુત્રોચ્ચાર સાથે શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલય, સે. ૨૩ થી શરૂ થઈ ઘ-૫, ઘ-૫ થઈ ટાઉનહોલ સુધી ફર્યા હતા. ટાઉનહોલ ખાતે વિદ્યાર્થીઓને નાસ્તો આપવામાં આવ્યો હતો. આ રેલીને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરનાં કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, નીકુંજ પ્રજાપતી, મીત પટેલ, રૂચીત પટેલ તેમજ આર.જી. કન્યા વિદ્યાલયના વિજ્ઞાન શિક્ષકો રમણભાઈ પટેલ, ગિતેષભાઈ પટેલ ભારે જહેમત ઉઠાવી હતી.